**જાહેરનામું**

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/**૧૭**/૨૦૨૬,
તા.૨૧/૪/૨૦૨૬

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે અમદાવાદ મહાનગર પાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત રાયપુર વિસ્તારમાં આવેલ ડીસપેચીંગ અને રીસીવીંગ સેન્ટર ખાતે ચૂંટણીલક્ષી વૈધાનિક સમયમર્યાદામાં પોલીંગ સ્ટાફ તથા EVM ને પહોંચાડી શકાય તથા ડીસપેચીંગ અને રીસીવીંગ સેન્ટર આસપાસ પસાર થતા માર્ગો ખાતેની ટ્રાફિક સમસ્યા નિવારવા, ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ મહાનગર પાલિકા સામાન્ય ચુટણી-૨૦૨૬ વોર્ડ નં. ૨૧-દરિયાપુર, ૨૮-ખાડીયા, અને ૨૯-જમાલપુર મતવિભાગ અંતર્ગત ડિસપેચીંગ તથા રિસીવિંગ સેન્ટર 'ગુજરાત શ્રમયોગી કલ્યાણ ભવન, શ્યામજી કૃષ્ણવર્મા સ્પોર્ટ્સ સંકુલ પાસે, રાયપુર રોડ, અમદાવાદ' ખાતે રાખવામાં આવેલ છે. આગામી અમદાવાદ મહાનગર પાલિકા સામાન્ય ચુટણી-૨૦૨૬ નું મતદાન તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ યોજાનાર હોય જે અનુસંધાને તા.૨૫/૪/૨૦૨૬ ના રોજ સવાર કલાક ૧૧.૦૦ થી ૧૩.૦૦ સુધી ચુંટણી પ્રક્રિયામાં રોકાયેલ સ્ટાફને મતદાન મથક સુધી મોકલવાની ડીસપેચીંગ કામગીરી થનાર હોય જેથી તા.૨૫/૪/૨૦૨૬ ના સવાર કલાક ૦૯.૦૦ થી ૧૫.૦૦ સુધી તથા તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ મતદાન પુર્ણ થયા બાદ મતદાર સ્ટાફની રીસીવીંગની કામગીરી સારુ તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ સાંજ કલાક ૧૭.૦૦ થી ૨૨.૦૦ સુધી રાયપુર ચાર રસ્તાથી ગુજરાત શ્રમયોગી કલ્યાણ ભવન સુધીનો રોડ 'વન-વે' માર્ગ જાહેર કરવામાં આવે છે.

| **અ.નં** | **વાહનોની અવર-જવર માટે વન-વે માર્ગ** | **વૈકલ્પિક માર્ગની વિગત** |
|---|---|---|
| ૧. | રાયપુર ચાર રસ્તા થી કાગડાપીઠ ત્રણ રસ્તા સુધીનો માર્ગ બંધ રહેશે. | રાયપુર ચાર રસ્તા થી જમણી બાજુ વળી પારસી અગિયારી ત્રણ રસ્તા થી ડાબી બાજુ વળી વાણીજ્ય ભવન ચાર રસ્તા થી ડાબી બાજુ વળી સફલ-૩ સર્કલ થઇ કાગડાપીઠ ત્રણ રસ્તા થી જમણી બાજુ વળી સાળંગપુર, કાલુપુર તરફ જઇ શકશે |
| ૨. | કાગડાપીઠ ત્રણ રસ્તા થી રાયપુર ચાર રસ્તા સુધીનો માર્ગ બંધ રહેશે. | કાગડાપીઠ ત્રણ રસ્તા થી ડાબી બાજુ વળી સફલ-૩ સર્કલ થઇ વાણીજ્ય ભવન ચાર રસ્તા થી અણુવ્રત સર્કલથી જમણી બાજુ વળી કાંકારિયા ગેટ નં.૩ થી જમણી બાજુ વળી પારસી અગિયારી ત્રણ રસ્તાથી સીધા રાયપુર ચાર રસ્તાથી ડાબી બાજુ વળી આસ્ટોડિયા, લાલ દરવાજા તરફ જઇ શકશે |

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨૫/૪/૨૦૨૬ ના સવાર કલાક ૦૯.૦૦ થી ૧૫.૦૦ સુધી તથા તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ સાંજ કલાક ૧૭.૦૦ થી ૨૨.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૪/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૧/૪/૨૦૨૬
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.